# દુઃખ દેવે દિવાનગી

## આધ્યાત્મિક સાધના માટે પરમ સહાયક દુઃખ

### શ્રી પ્રાણનાથજીની તારતમ વાણીનાં અમૂલ્ય પૂષ્પ

પાંચમું પુષ્પ

:: પ્રકાશક ::
શ્રી પ્રાણનાથ વૈશ્વિક ચેતના અભિયાન

**પ્રકાશક :**
**શ્રી પ્રાણનાથ વૈશ્વિક ચેતના અભિયાન**
**Shri Prannath Global Consciousness Mission**

**સંપર્ક સૂત્રઃ**
**શ્રી નિજાનંદ આશ્રમ**
**નેશનલ હાઈવે નં.૮, બાયપાસ, સયાજીપુરા, વડોદરા - 390019**
Email : premseva7@yahoo.com; manulpdc@yahoo.com
Phones: 989-800-0168, 787-415-1371, 942-736-4535
Website : www.shriprannathji.com

**શ્રી નિજાનંદ આશ્રમ**
**રતનપુરી, જિલ્લો-મુજફ્ફરનગર, ઉત્તરપ્રદેશ**
Phone: 9811072951

**Lord Prannath Divine Center, U.S.A/ Canada**
8062, Eisonhower Parkway, Lizella, GA 31052-3202
Email : jagni7@yahoo.com; jagnicorp@yahoo.com
Phones: 011-973-760-9238; 011-478-808-4079
Website: www.nijanand.org

**શ્રી પ્રાણનાથજી મંદિર**
**શામળાજી, જીલ્લો-અરવલ્લી**

**મુદ્રક :-**
**દર્શન પ્રિન્ટર્સ**
**૫, વિષ્ણુ એસ્ટેટ, રઘુનાથ હીન્દી હાઈસ્કૂલની સામે,**
**મેમ્કો - બાપુનગર રોડ, બાપુનગર, અમદાવાદ**
**મો.૯૭૨૫૨ ૧૯૯૦૮**

## :: પ્રાણનાથ વાણી અવતરણ પરિચય ::

અનંત સૃષ્ટિઓના અસ્તિત્વના જે મૂલ આધાર છે, સર્વે આત્માઓ ના જે એકમાત્ર માલિક છે, સર્વે શક્તિઓના જે મૂલ સ્ત્રોત છે, એવા પ્રિયતમ પરમાત્મા જ પ્રાણનાથ છે. અને હા, આપણે સર્વે તે સાગર સ્વરૂપ સચ્ચિદાનંદ પ્રિયતમ ની આનંદની લહેરો છીએ, આત્માઓ છીએ. આધ્યાત્મિક માર્ગે આ પ્રમાણે પરસ્પર આત્મીયતાનો ભાવ જ કેન્દ્ર સ્થાને છે. સંપૂર્ણ માનવ જાતને એકાત્મ ભાવથી, દિવ્ય પ્રેમના તાંતણે બાંધવી એજ ધર્મનો ખરેખરો ઉદ્દેશ છે.

પ્યારે સાથજી, સંસારના ખેલમાં પ્રાણપ્રિય પ્રાણનાથ આપણને સત્ય તથા અસત્યની ઓળખ કરાવીને સમગ્ર સંસારને એક કરવાના હેતુથી જ બ્રહ્મજ્ઞાન લઈને પધાર્યા છે. તેને તારતમવાણી એટલા માટે કહેવામાં આવે છે કે તે દિવ્યજ્ઞાન મોહમાયાના અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી પરમ આનંદમયી દિવ્ય પ્રકાશ ની તરફ લઈ જાય છે.

શ્રી પ્રાણનાથજી ના શ્રી મુખેથી અવતરેલી આ વાણી કુલજમ સ્વરૂપ મહાગ્રંથમાં સમાયેલી છે. જે વર્તમાન સંસારમાં મળેલી અનમોલ આધ્યાત્મિક સંપત્તિ છે. તેમાં સંસારના તમામ ધર્મગ્રંથોમાં આવેલ આધ્યાત્મિક જ્ઞાનને તારતમના મોતીઓની માળાના રૂપમાં રજૂ કરવામાં આવ્યું છે. તેમાં વિશેષરૂપે એવા અનાદિ આધ્યાત્મિક પ્રશ્નોનું જેવા કે - હું કોણ છું ? ક્યાંથી આવ્યો છું ? મારા ધણી કોણ છે ? નું નિરાકરણ કરવામાં આવ્યું છે. શ્રીજી જણાવે છે કે મનુષ્ય માત્ર એ પ્રિયતમ પરમાત્માની આત્મપ્રિયા છે. તેમની આત્મઅંગના છે. આ ભાવને દ્દઢ કરી લેવાથી આત્મા સ્વયં પરમાત્માનું સર્વોચ્ચ કક્ષાનું સુખ લઈ શકે છે. જ્યારે પરબ્રહ્મ અક્ષરાતીતે પોતાની દિવ્યશક્તિઓથી આવેશીત સ્વરૂપમાં નિજાનંદ સ્વામી શ્રી દેવચંદ્રજીને (ઈ.૧૫૮૧-૧૬૫૪ માં) દર્શન આપ્યાં ત્યારે તારતમજ્ઞાન નું અવતરણ આ બ્રહ્માંડમાં સંવંત ૧૬૨૧ માં થયું. આ બીજરૂપ રહેલું જ્ઞાન આગળ જતાં શ્રી કુલજમ સ્વરૂપ રૂપે વટવૃક્ષ બની ગયું. જે આજે સમસ્ત સંસારને સુખ-શીતળતા પ્રદાન કરી રહ્યું છે. શ્રી કુલજમ સ્વરૂપ અંતર્ગત બ્રહ્મજ્ઞાનનું અવતરણ ઈ. ૧૬૫૯ (નૌતનપુરી જામનગર) થી ઈ.સ. ૧૬૯૨ (પન્ના, મ.પ્ર.) સુધી ૩૩ વર્ષના ગાળામાં આત્મજાગૃતિ ની યાત્રા દરમ્યાન અલગ-



અલગ સ્થળો પર થયું. તેમાં ૧૭ રત્નરૂપી ગ્રથોમાં કુલ ૧૮૭૫૮ ચોપાઈઓ આવેલી છે.

નિજાનંદના રસ્તે આગળ વધતા આત્મજનો માટે તે સચ્ચિદાનંદ પરબ્રહ્મ પરમાત્માનું જ્ઞાનમયી સ્વરૂપ જ છે. આ વાણીમાં જે 'મહામતિ' ની ઓળખ છે તે પ્રિયતમ પરબ્રહ્મની સર્વોત્તમ દિવ્યશક્તિઓનો મહાપુંજ છે. જેમનું સાંસારિક નામ મિહિરરાજ ઠાકુર (ઈ.સ. ૧૬૧૮-૧૬૯૪) છે. તેઓ પ્રિયતમ પરબ્રહ્મની મેહરથી મહામતિ નું પદ પ્રાપ્ત કરે છે. તેમના તન દ્વારા પરબ્રહ્મ અક્ષરાતીતની લીલાઓ થવાથી તેમની ભજના કરવાવાળો 'સુંદરસાથ' સમુદાય તેમને પ્રાણનાથ તરીકે ઓળખી પ્રણામ કરે છે. જ્યારે ખરેખર તો ક્ષરપુરૂષ તથા અક્ષરબ્રહ્મથી પર એવા અક્ષરાતીત પરબ્રહ્મ જ શ્રી પ્રાણનાથ છે.

જામનગર (ગુજરાત રાજ્ય)માં દિવાન પદે બિરાજમાન મિહિરરાજે પોતાના સદ્‌ગુરૂ નિજાનંદચાર્ય શ્રી દેવચંદ્રજી (ઈ.૧૫૮૧-૧૬૫૪)ની પ્રેરણાથી સંસારનાં ભૌતિક સુખોનો ત્યાગ કરીને આત્મ-જાગૃત્તિ માટેનો મહાસંકલ્પ લીધો. ૧૨ વર્ષની નાની ઉંમરે તેમણે સદગુરૂનું શરણું લીધું અને તારતમ જ્ઞાન પ્રાપ્ત કર્યું. અદ્વૈત પ્રેમના સ્વરૂપની ઓળખ પ્રાપ્ત કરીને પોતે સેવા, સમર્પણ અને પ્રેમની મૂર્તિ બની ગયા. આધ્યાત્મિકતાને પોતાના જીવનમાં કેન્દ્રસ્થાને રાખી તેમણે પોતાનો કુટુંબ ધર્મ, સમાજ ધર્મ, રાષ્ટ્રીય ધર્મ અને માનવ ધર્મ નિભાવ્યો. માનવતાવાદી દૃષ્ટિકોણથી તેમણે પ્રત્યેક માનવમાં રહેલી આત્મ ચેતનાને પરમાત્મ ચેતના સાથે જોડી. વ્યક્તિ, સમાજ, ધર્મ અને વિશ્વ સમુદાયને એક આધ્યાત્મિક કડીથી જોડ્યું. આથી તેમના એકીકરણના પ્રયત્નોન તથા તેમની હિતકર વાણીનું સાચું મૂલ્યાંકન સાંપ્રદાયિક વિચારધારાથી પરે રહીને જ કરી શકાય.

તેની સાથે સાથે સામાજિક જીવનના મહત્ત્વપૂર્ણ વ્યવહારિક પ્રશ્નોને પણ તેમણે ઉકેલ્યા. તેઓ સામાજિક ક્રાંતિ માટે નિમિત્તરૂપ બન્યા. ધર્મના નામે ફેલાયેલો અંધવિશ્વાસ, અસ્પૃશ્યતા, આભડછેટ છે, નાત-જાતના ભેદ, ઉંચનીચના ભેદ, વ્યસનોમાં ફસામણ, સ્ત્રીઓને થઈ રહેલા અન્યાય, ધાર્મિક અસહિષ્ણુતા, દેખાવ પૂરતું થતું ધર્મપાલન, કર્મકાંડની રૂઢ જડતા, ધાર્મિકક્ષેત્રે થઈ રહેલા આડંબર દ્વારા શોષણ વિગેરે સામાજિક સમસ્યાઓને ઉકેલવા

માટે ઉત્તમ માર્ગ બતાવ્યો. તેમણે આજથી ૪૦૦ વર્ષ પહેલાં રૂઢિગત મિથ્યા મર્યાદાઓમાં ફસાયેલા સમાજમાં નવી ચેતના જાગૃત કરી, જેની આજના સામાજિક જીવનમાં અત્યંત જરૂર છે.

ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી એ પણ બાળપણમાં તેમની માતા પુતળીબાઈ દ્વારા અહિંસક આંદોલન અને રેંટીયા દ્વારા ક્રાંતિની પ્રેરણા શ્રી પ્રાણનાથજીના તારતમજ્ઞાન દ્વારા મેળવી હતી. આમ, વિશ્વના મહાન માનવતાવાદીઓ અને વિચારકો પર શ્રી પ્રાણનાથજીના જ્ઞાનનો પ્રભાવ સ્પષ્ટ રીતે જોવા મળે છે.

આ પુસ્તિકામાં રજૂ કરેલ દિવ્યવાણીની ચોપાઈઓ શ્રી પ્રાણનાથજીના દિવ્યજ્ઞાનનો મહિમા દર્શાવે છે.

પ્યારે સાથજી ! આ તારતમવાણીના મહાત્મ્યથી જ ઈ.સ.૧૬૭૮માં (સંવત ૧૭૩૫) હરિદ્વારમાં મહાકુંભના પર્વ દરમ્યાન મહામતિજી વિજ્યાભિનંદ નિષ્કલંક બુધ્ધના રૂપમાં જાહેર થયા હતા. એટલું જ નહીં મોગલ સમ્રાટ ઔરંગઝેબના દરબારમાં સર્વધર્મ એકીકરણનો સંદેશો લઈને બાર સુંદરસાથને મોકલ્યા હતા. મોગલ સમ્રાટને ધર્મનું સાચું સ્વરૂપ બતાવ્યું તથા અનેક હિંદુરાજાઓને પણ અધ્યાત્મ જ્ઞાન દ્વારા જાગૃત કર્યા. આખરે તેમને મળ્યા બુંદેલા છત્રસાલ, (ઈ.સ.૧૬૪૯-૧૭૩૧) જેમણે પોતાની છત્રછાયામાં બુંદેલખંડમાં એક આદર્શ આધ્યાત્મિક રાજ્યની સ્થાપના કરી અને તેની રાજધાની પન્ના શહેર(મ.પ્ર.)ને વૈશ્વિક ચેતનાનું કેન્દ્ર બનાવ્યું.

પ્યારે સાથજી ! જ્ઞાન અને પ્રેમ તો વહેંચવાથી વધે છે. આથી આજે વિશ્વભરમાં કરોડો લોકો આ બ્રહ્મજ્ઞાનના માર્ગદર્શન થકી પોતે જાગૃત થઈ સંસારને સહાયરૂપ થવાની સેવા બજાવી રહ્યા છે. શ્રી પ્રાણનાથ વૈશ્વિક ચેતના અભિયાન થી અભિભૂત થઈ પ્રેમીજનો આપ સુધી સદ્‌ભાવનાથી વાણીનું આ પુષ્પ (જ્ઞાનરૂપી) લઈને આવ્યા છે.


આપનું જીવન આ પુષ્પની દિવ્યસુગંધથી મઘમઘી ઉઠે અને આપ પોતે પણ આ મહેંકને અન્યો સુધી પહોંચાડવા કમરકસો એવી મંગલકામના વ્યક્ત કરીએ છીએ. આપના આત્મસ્વરૂપ ને કોટિ કોટિ પ્રણામ.



## આધ્યાત્મિક સાધના માટે પરમ સહાયક દુઃખ

આત્મ-સાથિઓ ! સુખ અને દુઃખ જીવનરૂપી એક જ સિક્કાની બે બાજુઓ છે. એટલે કે આપણા જીવનનું અભિન્ન અંગ છે. સામાન્ય રીતે કષ્ટ, પીડા, દર્દ, વ્યથા અને શોક વિગેરેને દુઃખ તથા તેનાથી વિપરીત સ્થિતિને આપણે સુખ કહીએ છીએ. પરંતુ આધ્યાત્મિક માર્ગમાં દુઃખ અને સુખ આ બંને શબ્દોના અર્થ ખૂબ જ ગહન છે. દરેક માનવ તેની વાસ્તવિકતા જાણી લે તે તેના હિતમાં છે.

સાથિઓ ! આપણે બધા ખૂબ ભાગ્યશાળી છીએ કારણ કે સૃષ્ટિના આ વર્તમાન સમયમાં જીવો ના આવાગમનનાં દુઃખ અને આત્માઓના નિજ સ્વરૂપની વિસ્મૃતિનું દુઃખ દૂર કરવા માટે પરબ્રહ્મની દિવ્ય શક્તિઓથી સભર સર્વ કલ્યાણકારી બ્રહ્મવિદ્યા રૂપી દેવીનું પ્રાગટ્ય થયું છે. આ નાનકડી પુસ્તિકામાં આ બ્રહ્મવિદ્યામાંથી પસંદ કરેલી મોતીરૂપ ચોપાઈના આધારે જીવનના બે પાસા સુખ અને દુઃખની વાસ્તવિકતા પર પ્રકાશ પાથરવામાં આવ્યો છે. અમને વિશ્વાસ છે કે આ જ્ઞાનનું મનોમંથન આપના જીવનમાં દુઃખના હકારાત્મક યોગદાન ને સ્પષ્ટ કરી દેશે અને આપણા આધ્યાત્મિક વિકાસમાં મદદરૂપ થશે. તો આવો ! પ્રિયતમ પરબ્રહ્મનાં વચનોને અતૂટ વિશ્વાસ ની



સાથે આપણા હૃદયમાં અંકીત કરીએ. દુઃખ અને સુખનાં અંતિમ રહસ્યો જાણી લઈએ. દુઃખના પ્રસંગોમાં પણ સુખને શોધવાની પ્રયુક્તિઓ સમજી લઈએ તથા આ રીતે જીવનમાં વાસ્તવિક સુખ-નિજાનંદને માણી લઈએ.

**સંસાર - દુઃખનો સાગર**

સાથીઓ ! જો આપણે આપણા જીવનનું અવલોકન કરીશું અથવા આપણી આજુબાજુની દુનિયામાં જોઈશું તો એ સત્ય માલૂમ પડે છે કે જીવન અનેક પ્રકારનાં દુઃખોથી ભરેલું છે. ભલે તે દુઃખ શારીરિક હોય કે માનસિક અથવા ઈચ્છાઓ અને અપેક્ષાઓ પૂરી ન થવાને કારણે પેદા થયેલો અસંતોષ હોય કે પછી કુદરતી હોય. જન્મ, ઘડપણ, માંદગી અને મૃત્યુનું દુઃખ કોણે નથી જોયું ? જગતની હંમેશાં પરિવર્તનશીલ અને નાશવંત વસ્તુઓને મોહમાં જકડી રાખવાથી ઉત્પન્ન થયેલ માનસિક તણાવ નું દુઃખ કોણે નથી જોયું ? દરેક બાબત પોતાની ઈચ્છાનુસાર થાય પોતાની માન્યતાને અનૂકુળ હોય આવી અપેક્ષાઓથી પેદા થતું દુઃખ શું તમે નથી જોયું ?

વિશ્વ આરોગ્ય સંસ્થા (ડબલ્યુ.એચ.ઓ) અનુસાર વિશ્વમાં આજે લગભગ ૮૦%થી વધારે લોકો માનસિક તણાવથી બિમાર છે અને લગભગ ૯૦% લોકો ડૉક્ટર પાસે માત્ર માનસિક તણાવને





કારણે જાય છે. સાચે જ સમગ્ર સંસારમાં લોકો રાત-દિવસ અનેક પ્રકારનાં દુઃખોની દાવાનળમાં સળગતા રહે છે. તારતમ વાણીમાં શ્રી પ્રાણનાથજી આ વાત (તથ્ય)ને આ પ્રકારે સમજાવે છે.

**ભવસાગર જીવનકો,**
**કિન પાયા નાહીં પાર ।**
**દુઃખરૂપી અતિમોહજલ,**
**માહેં ધખત જીવ સંસાર ॥**

**(ખિલવત ૮/૪૨)**

"આ સંસાર મિથ્યા છે, સ્વપ્નવત છે. અહીં આજદિન સુધી કોઈને પણ જીવનનો વાસ્તવિક અર્થ, અખંડ મુક્તિનો માર્ગ મળી શક્યો નથી. આ સંસારરૂપી મોહજલ નો સાગર દુઃખ અને માત્ર દુઃખથી ભરેલો છે. આમાં સંસારી જીવો દુઃખ ના અગ્નિમાં રાત-દિવસ બળી રહ્યાં છે."

દોસ્તો ! એ વાત વિચારવા જેવી છે કે આજના આ દરેક ક્ષેત્રે પ્રગતિમાન યુગમાં પણ આખરે સંસાર શાથી દુઃખના અગ્નિમાં બળી રહ્યો છે ?

**સંસારઃ જીવોના દુઃખનું કારણ**

દોસ્તો ! દુઃખનો સંબંધ અપૂર્ણતા, નશ્વરતા, ખાલીપો અને ક્ષણભંગુરતા સાથે છે. જે આપણે ઈચ્છીએ છીએ તે પ્રાપ્ત નહીં થવાથી અને જે નથી ઈચ્છતા તે આવી પડવાથી, તથા જે મળ્યું છે તે ચાલી જવાથી (ખોવાઈ જવાથી) દુઃખ પેદા થાય છે. જે



કોઈ વસ્તુમાંથી આપણને એકવાર સુખ મળે છે તેની સાથે આપણી આસક્તિ બંધાઈ જાય છે અને તે આપણે વારે વારે મેળવવા ઈચ્છીએ છીએ. મોહને કારણે આપણા મનમાં એક અસંતોષ રહી જાય છે. આ અસંતોષ જ શોક, વ્યથા, નિરાશા અને હતાશા ના રૂપમાં પ્રગટ થાય છે. અને પછી તે આપણા સ્મૃતિ પટ પર વારંવાર ડોકાય છે અને તે આપણને અંદરથી કહેતો રહે છે - મારું કોઈ કામ સારી રીતે થતું નથી, મારી ઈચ્છાનુસાર કંઈ જ થતું નથી. એટલું જ નહીં જ્યારે કોઈ જ દુઃખ ન હોય તોય અસંતોષ તો કાયમ જ રહે છે. આ રીતે આપણી અનિયંત્રિત (બેકાબૂ) લૌકિક ઈચ્છાઓ (કામનાઓ) અને વાસ્તવિક સુખનું જ્ઞાન ન હોવાથી દુઃખના કારણરૂપ બનીએ છીએ.

સંસારમાં સુખ તો છે પરંતુ તે કાયમનું નથી. જ્યારે પણ સાંસારિક સુખ આપણી પાસેથી ચાલ્યું જાય છે ત્યારે તે સુખ જ આપણા દુઃખનું કારણ બની જાય છે. ધર્મશાસ્ત્રોમાં સંસારને દુઃખનો સાગર કહેવાનું આજ પ્રયોજન (હેતુ) છે. સંસારનાં સુખો અનિત્ય છે એ નહીં જાણવાથી દુઃખ પેદા થાય છે. જો આપણે તે બાબતે જાગરૂક થઈ જઈ તો સંસારનાં સુખ કે દુઃખ બંને આપણને દુઃખી કરી શકતાં નથી. કોઈએ સાચે જ કહ્યું છે કે, ''આપણું અજ્ઞાન જ આ અનિયંત્રિત ઈચ્છાઓ રૂપી વૃક્ષનું મૂળ છે અને લોભ






ખોટી ભાવનાઓ, ક્રોધ, વિગેરે અહંકાર જનિત લક્ષણો આ વૃક્ષની શાખાઓ છે.'' થાય છે શું કે આપણી બેકાબૂ ભૌતિક ઈચ્છાઓ થી લોભવૃત્તિ વધે છે. પછી તેને પૂરી કરવા માટે જૂઠું બોલવું, દગો દેવો અને ચોરી કરવી વિગેરે ખોટી પ્રવૃત્તિઓ શરૂ થઈ જાય છે. ખોટી ભાવનાઓ, ચિંતા, ક્રોધ અને હિંસા વગેરે કાર્યરત થાય છે. આ બધાં મળીને આપણા વર્તમાનના સુખનાં અનુભવને પણ હાનિ પહોંચાડે છે. આવામાં વ્યક્તિ જુદા જુદા પ્રકારનાં વ્યસનો નો શિકાર બને છે અને પોતાને જ નુકશાન પહોંચાડે છે. આ રીતે દુઃખની શૃંખલા શરૂ થઈ જાય છે.

**:: દુઃખનું મૂળ કારણ - આત્મ - વિસ્મૃતિ ::**

આત્મ શોધક સાથીઓ ! વાસ્તવમાં અજ્ઞાન જ દુઃખનું મૂળ કારણ અને બધાં દુઃખોનું જન્મદાતા છે. આત્મવિસ્મૃતિ અને પ્રિયતમ પરમાત્માનું વિસ્મરણ જ દુઃખોનું મૂલ કારણ છે. પ્રિયતમ સાથે જ્યારે આપણા આત્માનું મૂલ સંબંધનું વિસ્મરણ થાય છે ત્યારે આપણે માયાના ઘોર દુઃખમાં ફસાઈ જઈએ છીએ.

દુઃખના કારણ વિશે બૃહદ આરણ્યક ઉપનિષદમાં કહેવામાં આવ્યું છે કે, ''આત્માને જાણવાવાળો અમર થઈ જાય છે અને તેને ન જાણવાવાળા ના સ્વાગત માટે દુઃખ ખડે પગે તૈયાર છે. છાન્દોગ્યઉપનિષદમાં પણ કહેવામાં આવ્યું છે.




જ્યારે માણસને સાચી ઓળખ (આત્મિક દૃષ્ટિ) પ્રાપ્ત થાય છે ત્યારે તેને મૃત્યુ, માંદગી અને કોઈ પણ પ્રકારના દુઃખનો ભય લાગતો નથી.'' તારતમ વાણી પણ ખૂબ સરસ રીતે સ્પષ્ટ શબ્દોમાં આ વાતને સમજાવે છે.

**વિધ દોઉ દેખિએ,**
**એક નામ દુજા મુખ ।**
**ગુંથી જાલેં દોઉ જુગતે,**
**માન લિએ દુઃખ સુખ ॥**

**(કલશ હિ.૧૬/૩)**

ક્ષરપુરુષ આદિ નારાયણના નાભિ કમલથી પ્રગટેલ વિરાટ(સૃષ્ટિ) અને તેમના મુખારવિંદથી પ્રગટેલ વેદ આ બંનેથી એવી ગુંચવણ ભરી માયાજાળ તૈયાર થઈ છે કે દરેકે આ જીવનમાં આવનારાં અસ્થાઈ સુખ અને દુઃખોનો અનુભવો ને જ સાચા માની લીધા. જો કે આત્મ જાગૃત્તિવાળા જ્ઞાનનો અભાવ જ વાસ્તવિક દુઃખ છે અને આત્મિક નિજ સુખનું જ્ઞાન જ વાસ્તવિક (સાચું) સુખ છે. સંસારના ભ્રમમાં જ બધા લોકો પોતાના કર્મોની જાળ ગુંથી રહ્યા છે.

પ્રિયતમ પ્રાણનાથ કહે છે, ''આ સંસારમાં બધાંને આત્મા જૂઠો અને દેહ સાચો લાગે છે. અહીં વ્યક્તિને આત્મદૃષ્ટિથી ન જોતાં ફક્ત દેહદૃષ્ટિ થી જોવામાં આવે છે. એ જાણવા છતાં કે ભૌતિક શરીરથી અલગ બીજું ચેતન તત્ત્વ (આત્મા) પણ






તેની સાથે જોડાયેલો છે. લોકો જાણી જોઈને આ નાશવંત દેહ સાથે મમતા કરે છે અને અંતે દુઃખી દુઃખી થઈ જાય છે.''

આથી મૂળ વાત એ છે કે આત્મ-વિસ્મૃતિ જ દુઃખનું સૌથી મોટું કારણ છે. નિજસ્વરૂપ (આત્મ ઓળખ)નું જ્ઞાન થવાથી પરમાત્મા સાથે પોતાના આત્માનો દિવ્ય સંબંધનો, નિજઘરનું જ્ઞાન થવાથી પછી કોઈ પણ પ્રકારનો ડર અને દુઃખ આપણી સામે કેવી રીતે ટકી શકે ?

**દુઃખમાં દુઃખી થવું તે આપણી પોતાની પસંદગી છે.**

જો આપણે અજ્ઞાનથી બંધાઈને સંસારનાં ક્ષણિક સુખો પ્રત્યે ખૂબ જ આશાઓ રાખીશું તો દુઃખી થવું નક્કી જ છે. પરંતુ જ્ઞાનના અજવાળામાં જો આપણે આત્માના નિજ સ્વરૂપ ને નિહાળતાં ધ્યાન ધરીએ કે - હું અખંડ છું, શાશ્વત છું, પરબ્રહ્મ રૂપી સાગરની લહેર છું, બ્રહ્માત્મા છું, પ્રેમ સ્વરૂપ છું. આનંદ-ઉત્સાહથી ભરપુર છું અને સંપૂર્ણ સુખી છું તો દુઃખ આપણી નજીક આવી જ કેવી રીતે શકે ? આત્માના મૂળ સ્વભાવમાં દુઃખ તો છે જ નહીં. આથી હંમેશાં સજાગ રહી સંસારના ખેલને જ્ઞાતા-દૃષ્ટા ભાવથી જોતા રહીએ અને આનંદ તથા સુખની ભાવના જ વ્યક્ત કરીએ. જે સત્યસ્વરૂપ, ચેતનમય અને આનંદ સ્વરૂપ છે તેવા પ્રિયતમ પરમાત્માને



દિલમાં સ્થાન આપીએ. શ્રી પ્રાણનાથજી તારતમ બ્રહ્મજ્ઞાનથી આ વાતને હજુપણ ઊંડાણપૂર્વક સમજાવે છે.

**વાસ્તાગતે દુઃખ ના કછૂ,**
**જો પીછે ફેરો દૃષ્ટ ।**
**જો દેખો વચન જાગકે,**
**તો નાહીં કછુએ કષ્ટ ॥**

**(કલશ હિ.૨૩/૨૫)**

"જો તમે આત્મ દૃષ્ટિથી જોશો તો ખરેખર કોઈ દુઃખ છે જ નહીં. જો પ્રિયતમના વચનોને જાગૃત થઈ(નિજ સ્વરૂપને જાણી) મંથન કરશો તો સંસારમાં કોઈ પણ કષ્ટ (દુઃખ) લાગશે જ નહીં."

**લાગોગે જો દુઃખ કો,**
**તો દુઃખ તુમકો લાગસી ।**
**યાદ કરો જો નિજ સુખ,**
**તો દુઃખ તુમસેં ભાગસી ॥**

**(કલશ હિ.૨૩/૨૬)**

"જો દુઃખરૂપી આ નશ્વર સુખોને દિલથી લગાવશો(આશા-તૃષ્ણા રાખશો) તો દુઃખ નિરાશ જ પ્રાપ્ત થશે. પરંતુ જો પોતાના નિજ-સુખો(આત્મિક-સુખો)ને યાદ કરશો(ચિંતન-મનન) તથા તેની મસ્તીમાં ડૂબી જશો તો દુઃખ તમારાથી દૂર ભાગી જશે."

**ધની ન દેવે દુઃખ તિલ જેતા,**
**જો દેખિએ વચન વિચારો ।**





**દુઃખ આપન કો તો જ હોત હૈ,**
**જો માયા કરત હૈં ભારીજી ॥**

**(પ્રકાશ હિ.૨/૬)**

જો આપણે તારતમ બ્રહ્મજ્ઞાનના દિવ્ય વચનો પર ગંભીરતાપૂર્વક વિચાર(મંથન) કરીશું તો એ વાત સ્પષ્ટ સમજાશે કે પ્રિયતમ ધણી આપણને તલમાત્ર (થોડુંકપણ) દુઃખ આપતા નથી. આપણને દુઃખ ત્યારે જ લાગે છે જ્યારે આપણે માયાવી સુખોને આત્મ-જાગૃતિ થી વધારે મહત્ત્વ આપીએ છીએ. સંસારી માયાનાં મોહબંધનો છૂટતી વખતે ઉત્પન્ન થતી નિરાશા જ આપણને દુઃખ આપે છે.

**અખંડ આનંદ (સતસુખ) માયાનાં દુઃખ અને સુખ બંનેથી પર છે.**

આપણે માયાનાં જૂઠાં સુખ-દુઃખથી પર અખંડ આનંદ(સતસુખ) પ્રાપ્ત કરી શકીએ તે માટે શ્રી પ્રાણનાથજી આપણને આપણા આત્માના મૂલ આનંદ સ્વરૂપની ઓળખ કરાવે છે. તે આપણને યાદ કરાવે છે કે આપણાં મૂલ દિવ્યતન, જેને પરઆતમ કહીએ છીએ તે પ્રિયતમ પરબ્રહ્મનાં ચરણોમાં બિરાજમાન છે. ત્યાં બેસીને આપણે સુરતારૂપે આ સ્વપ્નવત્ જાગણી લીલા નિહાળી રહ્યા છીએ, આપણે અહીં દુઃખી થવા નથી આવ્યા. દુઃખના અનુભવ દ્વારા નિત્યસુખો (અખંડ સુખો)નો સ્વાદ લેવા આપણે અહીં સંસારમાં આવ્યાં છીએ. અહીંનાં સુખ અને દુઃખ બંને જૂઠાં છે. કારણ કે તે



બંને ક્ષણભંગુર છે.

**સેહેજલ સુખ તુમમેં સદા,**
**અલપ નહીં અસુખ ।**
**તુમ સુખ કા સ્વાદ લેને,**
**ખેલ માંગ્યા એ દુઃખ ॥**

**(કલશ હિ.૨૩/૨૧)**


"પરમધામમાં તો સદાય સુખજ છે. ત્યાં અસુખ એટલે કે દુઃખનું નામો નિશાન નથી. સુખનો એક નવો સ્વાદ લેવા માટે જ તમે દુઃખનો ખેલ માંગ્યો છે.

તમે જો તમારા ધ્યાનને પરમધામમાં પોતાના નિજસ્વરૂપમાં પાછું લગાડી દેશો તો માયાવી દુઃખ તમને દુઃખી નહીં કરી શકે."

**દુઃખ રૂપી ઈન જિમી મેં,**
**દુઃખ ના કાહૂ દેખત ।**
**બાત બડી હૈ મેહર કી,**
**જો દુઃખ મેં સુખ લેવત ॥**

**(સાગર ૧૫/૯)**

" પ્રિયતમ પરમાત્માની સાચી મેહર (લાડ) જે આત્મા પર વરસી રહી છે તેમને આ દુઃખ રૂપી સંસારમાં ક્યાંય પણ કોઈ પણ પરિસ્થિતિમાં (આશા-તૃષ્ણા ન હોવાથી) દુઃખો નો અનુભવ થતો નથી. પ્રિયતમની મહેરની વિશેષતા એ છે કે મહેરમાં તરબતર આત્મા દુઃખમાં પણ (નિજ સ્વરૂપના ચિંતન અને ધ્યાન દ્વારા) અખંડ સુખનો અનુભવ કરતી રહે છે.





**"દુઃખ અમૂલ્ય ખજાનો છે."**

માયાનાં જૂઠાં સુખોનું આકર્ષણ આપણને ક્ષણે ક્ષણે પતનની ઊંડી ખીણમાં ધકેલવાનો પ્રયત્ન કરે છે. મોટા મોટા જ્ઞાની, યોગી, તપસ્વી પણ તેના આકર્ષણથી બચી શક્યા નથી. આવી સ્થિતિમાં હૃદયમાં જ્ઞાન-વિવેક, વૈરાગ્ય અને ભક્તિનો રસ સિંચન કરવાનું કામ દુઃખ સંજીવની બૂટ્ટી ની જેમ કરે છે. દુઃખમાં જ પ્રિયતમના સહવાસનો અનુભવ થાય છે. જેને દુઃખની સ્થિતિમાં પ્રિયતમના સુખ, વિરહ વૈરાગ્યનો રસ પ્રાપ્ત થાય છે તે માયાવી સુખ ક્યારેય ઈચ્છતો નથી. દુઃખ તેને પ્રાણથી પણ અધિક પ્યારું લાગે છે.

**દુઃખ રે પ્યારો મેરે પ્રાણ કો,**
**સો મૈં છોડ્યોં ક્યોં કર જાએ,**
**જો મૈં લિઓ હે બુલાએ ॥**

**(કિરંતન પ્ર.૧૬/૧)**

"નશ્વર જગતમાં જે દુઃખોથી હું મારા પ્રિયતમ પ્રાણનાથમાં પહોંચી ગઈ છું તે દુઃખ તો મને ઘણાં જ વ્હાલાં છે. મારા પ્રાણથી પણ અધિક વ્હાલાં છે. હું તેને કેમ કરી છોડી શકું ? આ દુઃખો તો મેં પ્રિયતમ ધામધણી પાસે માગીને લીધાં છે."

**દુઃખ પ્યારો હૈ મુઝકો,**
**જાસોં હોએ પિઉ મિલન ।**
**કહા કરું મૈ તિન સુખ કો,**
**આખર જિત જલન ॥**

**(કિરંતન ૧૭/૬)**



"સાથિઓ ! મને દુઃખ એટલા માટે પ્યારું લાગે છે કે તેનાથી મને પ્રિયતમ પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે. હું નશ્વર જગતનાં જૂઠાં સુખોને લઈને શું કરું ? જેનો ઉપયોગ કર્યા બાદ રોગ, દુઃખ અને અશાંતિ પ્રાપ્ત થાય છે અને પ્રશ્ચાતાપના અગ્નિમાં બળવું પડે છે ?"

**ઈન અવસર દુઃખ પાઈએ,**
**ઔર કહા ચાહિયત હૈ તોહે ।**
**દુઃખ બિના ચરન કમલ કો,**
**સખી કબહૂં ન મિલિયા કોએ ॥**

**(કિરંતન ૧૬/૨)**

"આ આત્મ જાગણીના અમૂલ્ય અવસર પર પરબ્રહ્મની કૃપાથી અગર આપણને દુઃખ પ્રાપ્ત થાય છે. તો પછી તેનાથી અધિક તમારે શું જોઈએ ? હે સખી ! દુઃખ વગર આજ સુધી કોઈનેય પણ પરબ્રહ્મ પરમાત્માના ચરણ કમલ પ્રાપ્ત નથી થયાં.

**દુઃખ કી પ્યારી પ્યારી પિઉ કી,**
**તુમ પૂછો વેદ પુરાન ।**
**એ દુઃખ મોહી કો ભલા,**
**જો દેત હૈ અપની જાન ॥**

**(કિરંતન ૧૬/૬)**

"જે બ્રહ્માત્માને સંસારનાં દુઃખો વ્હાલાં લાગે છે એટલે કે જે પોતાના પ્રેમના બળે દુઃખોને પોતાના મિત્ર બનાવી લે છે તેજ પ્રિયતમ ની પ્યારી અંગના છે. સાથીઓ ! જો તમે આ વાતની સાક્ષી માંગતા હો તો વેદ-પુરાણ વિગેરે ધર્મગ્રંથોમાં જોઈ શકો છો.



મને તો સંસારનાં દુઃખ જ પ્રિય લાગે છે. કારણ કે મારો એ દ્રઢ વિચાર છે કે ખેલ જોવાની આપણી ઈચ્છાઓ પૂરી કરવા માટે જ પ્રિયતમે મને તેમની અંગના જાણીને આ દુઃખો આપ્યાં છે."

**બડી મત કે જો ધની કહે,**
**હોએ ગયે જો આગે ।**
**તિન ભી ધની મિલન કો,**
**દુઃખ ધની પેં માંગે ॥**

**કિરંતન ૧૭/૭)**

"આનાથી પહેલાં પણ સંસારમાં મોટા મોટા બુધ્ધિશાળી(મહાન બુધ્ધિના સ્વામી) સંત અને મહાપુરુષો થઈ ગયા છે. તેમણે પણ પરબ્રહ્મ પરમાત્માના મિલન માટે દુઃખને આવશ્યક ધણીને ખૂબ જ પ્યારથી પ્રિયતમ સ્વામી પાસે દુઃખ જ માંગ્યું છે."

**કુરાન પુરાન મૈં દેખિયા,**
**કહી દુઃખ કી બડાઈ ।**
**સાધો બડો બડાઈ દુખકી,**
**લડાએ લડાએ કે ગાઈ ॥**

**(કિરંતન ૧૭/૨૬)**

"કુરાન તથા પુરાણ વિગેરે ગ્રંથોનો પણ મેં અભ્યાસ કર્યો છે. તેમાં પણ દુઃખ નો જ મહિમા દર્શાવ્યો છે. બધા જ જ્ઞાની સાધુ સંતજનોએ વિશેષ ભાર મૂકીને દુઃખનો મહિમા વર્ણવ્યો છે. આ બાબત પર વિચાર કરવા જેવો છે કે જ્યારે મહાન પુરુષોએ અખંડ સુખની પ્રાપ્તિ માટે સંસારમાં દુઃખને વ્હાલું

ગણ્યું છે ત્યારે સંસારી લોકો દુઃખ ની ઈચ્છા જ કરતા નથી.''

**તા કારણ દુઃખ દેત હૈં,**
**દુઃખ બિના નીંદન જાએ ।**
**જિન અવસર મેરા પિઉ મિલે,**
**સો અવસર નીંદ ગમાએ ॥**

**(કિરંતન ૧૬/૭)**

''પ્રિયતમ પરમાત્મા પોતાની પ્રિય આત્માઓને દુઃખ એટલા માટે આપે છે કે દુઃખનો અનુભવ કર્યા વિના સાંસારિક આશા-તૃષ્ણા, મોહ-અજ્ઞાન દૂર થતાં નથી, વિવેક-વિરહ-વૈરાગ્ય ઉત્પન્ન થતાં નથી. જે દુઃખો દ્વારા (વિરહ, વિવેક, વૈરાગ્ય ઉત્પન્ન થવાથી) આ જીવનમાં પ્રિયતમ ધણી નું મિલન થાય છે એવા શુભ અવસરો ને આપણે અજ્ઞાનમય ક્ષણિક સુખોના ભ્રમ તથા લાલચમાં ગુમાવી શા માટે દઈએ છીએ?''

**દુઃખ બિના ન હોવે જાગની,**
**જો કરે કોટ ઉપાય ।**
**ધની જગાએ જાગહી,**
**ના તો દુઃખ બિના ક્યોં એ ન જગાએ ॥**

**(કિરંતન ૧૭/૧૪)**

''ભલે કોઈ કરોડો પ્રયત્ન કરે, પરંતુ જાગૃત થઈને દુઃખ (માયાની દુઃખ દાયકતા તથા નશ્વરતા) ને સમજ્યા વિના આત્મ જાગૃત્તિ થતી નથી. કાં તો પછી ધામધણી કોઈ એવી વિશેષ કૃપા કરી દેતો દુઃખનો અનુભવ કર્યા સિવાય આત્મ જાગૃત્તિ થઈ



શકે છે. આ સિવાય દુઃખ વગર અજ્ઞાનતારૂપી નિંદ્રાથી કોઈપણ રીતે જાગૃત થવું સંભવ નથી.''

માયાની નશ્વરતા તથા દુઃખદાયકતાનો વિવેક થવા માટે દુઃખોની આવશ્યકતા કહી છે. પરંતુ પરમાત્માની કૃપાથી સાંસારિક દુઃખોનો અનુભવ થયા વિના પણ જ્ઞાન વિવેક નો ઉદય થવાથી દુઃખનો અનુભવ થઈ જાય છે. બીજાઓને દુઃખી જોઈને પણ જ્ઞાન-વિવેકનો ઉદય થઈ જાય છે. વિવેકનો ઉદય થવાથી સુખમાં પણ દુઃખ વિરહનો અનુભવ થતો રહે છે.

**દુઃખ દેવે દિવાનગી,**
**સ્થાનચ દેવે ઉડાએ ।**
**તાથેં દુઃખ કોઈના લેવહી,**
**સબ સુખ સ્થાનચ ચાહે ॥**

**(કિરંતન ૧૭/૩૧)**

''દુઃખ પ્રિયતમ ધણીને પ્રાપ્ત કરવાની દીવાનગી આપે છે. સાંસારિક બુધ્ધિની ચતુરાઈને સમાપ્ત કરી દે છે. એટલા માટે કોઈ દુઃખ લેવા ઈચ્છતું નથી. બધા જ લોકો સંસારનાં માયાવી સુખો અને ચતુરાઈમાં મસ્ત રહેવાનું ઈચ્છે છે.

**દુઃખને સુખમાં ફેરવી નાખનારાં શ્રી પ્રાણનાથ બ્રહ્મવાણીનાં ચમત્કારિક મોતી**

**(૧).** દુઃખ એવી અમૂલ્ય વસ્તુ જે જેના દ્વારા આપણા હૃદયમાં વિવેક, વૈરાગ્ય અને વિરહનો રસ ઉત્પન્ન થાય છે. પ્રિયતમને પ્રાપ્ત કરવા માટે હૃદયમાં



પ્રેમરસ ઉત્પન્ન કરવા માટે વિરહ-વૈરાગ્યની અત્યંત આવશ્યકતા છે. જેવી રીતે એક માછલી પોતાના જીવન-પ્રાણ સમાન પાણી માટે તડપતી હોય છે ઠીક તેવી રીતે પ્રિયતમ પરમાત્માની ઓળખ પ્રાપ્ત કરવાવાળી આત્મા તેમના વિયોગથી તડપતી હોય છે. આપણી આત્મા પ્રિયતમના વિરહમાં નિર્મળ બનીને અતૂટ આત્મબળ પ્રાપ્ત કરી લે છે.

**દુઃખ તે વિરહા ઉપજે,**
**વિરહે પ્રેમ ઇશ્ક ।**
**ઇશ્ક પ્રેમ જબ આઇયા,**
**તબ નેહેચે મિલિએ હક ॥**

**(કિરંતન ૧૭/૧૬)**

"વિવેક અને દુઃખ મળી વિરહ ઉત્પન્ન કરે છે. વિરહ અને પરમધામનું જ્ઞાન (ચિંતન તથા ધ્યાન) મળીને પ્રેમ ઉત્પન્ન કરે છે. જ્યારે હૃદયમાં પ્રિયતમ પ્રત્યેનો પ્રેમ ઉત્પન્ન થાય છે તો અવશ્ય રૂપે તેમનું મિલન થાય છે."

**જબ બિછોહા ધનીકા,**
**તબ દુઃખ મેં ધની વિલાસ ।**
**ઉન દુઃખ કે વિલાસ મેં,**
**પોહોંચાયે દેત ધની આશ ॥**

**(કિરંતન ૧૭/૮)**

"જ્યારે  ધામ ધણીથી અલગ થવાનું જ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યારે દુઃખ પ્રાપ્તિ થવાની સ્થિતિમાં વિરહ-વૈરાગ્ય ઉત્પન્ન થતાં અક્ષરાતીત(પરમધામ) નું સુખ પ્રાપ્ત થાય છે. આ દુઃખથી પ્રાપ્ત થતો આનંદ



પિયુ (ધણી) મિલનની આશા ઉત્પન્ન કરી દે છે. (આવી સ્થિતિમાં અંતે પિયુ મિલન થઈ જાય છે.)

**દુઃખ સબ સુપનોં હો ગયો,**
**અખંડ સુખ ભોર ભયો ।**
**મહામત ખેલે અપને લાલસોં,**
**જો અક્ષરાતીત કહ્યો ॥**

**(કિરંતન ૧૬/૧૨)**

"જે પ્રમાણે સ્વપ્ન દશા તૂટતાં સ્વપ્નમાં જોયેલું બધું સમાપ્ત થઈ જાય છે, કશું જ બાકી રહેતું નથી. તેવી રીતે પ્રિયતમ અક્ષરાતીતના મિલન પછી સાંસારિક સુખો સ્વપ્નવત્ થઈ ગયાં છે. હવે મારા હૃદયમાં પરમધામનાં અખંડ સુખ રૂપી સવાર થઈ ગઈ છે. હું મહામતિ(ઈન્દ્રાવતી) મારા અક્ષરાતીત પ્રિયતમ સાથે પ્રેમમયી આનંદલીલા ના વિલાસમાં મગ્ન છું."

**(૨) પ્રિયતમ સાથે મિલાપ કરાવનારાં દુઃખોની કામના.**

**દુની કે સુખ દિયે મેં તિનકો,**
**જો કોઈ ચાહે સુખ ।**
**જિનસે મેરા પિઉ મિલે,**
**મૈં ચાહું સોઈ દુઃખ ॥**

**(કિરંતન ૧૭/૫)**

"મારી પાસે માયાની સુખ સામગ્રી, ધન દોલત વિગેરે હતાં તે મૈં તેવા લોકોને આપી દીધાં જે સંસારનાં નશ્વર સુખોની ઈચ્છા રાખતા હતા. મારા માટે હું કેવળ એવા દુઃખોની ઈચ્છા રાખું છું જેનાથી


મને મારા પ્રિયતમ અક્ષરાતીતથી મિલન થાય.''

**(૩)** જ્ઞાન-વિવેકથી ઉત્પન્ન થયેલાં દુઃખોથી જ પ્રિયતમ અક્ષરાતીતથી મિલન સંભવ છે. વિવેક ન હોય તો દુઃખમાં પણ વૈરાગ્ય ઉત્પન્ન થતો નથી. તેને સાંસારિક સુખોની આશા રહ્યા કરે છે. વિવેક થવાથી સુખમાં પણ દુઃખની અનુભૂતિ બની રહે છે. સુખની આશા સમાપ્ત થઈ જાય છે, વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. વિવેક ઉત્પન્ન થવા માટે જ્ઞાનની સાથે સાંસરિક દુઃખોની અતિ જરૂર છે. સાંસારિક સુખોની દુઃખદાયકતા અથવા નશ્વરતા સમજ્યા વિના (વિરહ-વૈરાગ્ય આવ્યા વિના) આત્મ-જાગૃતિ ના રસ્તે આગળ વધવું સંભવ નથી. સાંસારિક સુખોની આશા સમાપ્ત થયા વિના પ્રિયતમ અક્ષરાતીતથી મિલન થતું નથી.

**દુઃખ સે પિઉજી મિલસી,**
**સુખે ન મિલિયા કો એ ।**
**અપને ધની કા મિલના,**
**સો દુઃખૈ સે હોએ ॥**

**(કિરંતન ૧૭/૧૦)**

દુઃખમાંજ પ્રિયતમ અક્ષરાતીતનું મિલન થાય છે. (પરમધામનાં સુખો પ્રાપ્ત થાય છે) સાંસારિક સુખોમાં રચ્યા-પચ્યા રહેવાથી એટલે કે માયામાં ભાનભૂલી જવાથી (બેહોશ બની જવાથી) કોઈ પ્રિયતમને પ્રાપ્ત કરી શકતું નથી. એટલું દૃઢતાપૂર્વક જાણી લો કે પોતાના પ્રિયતમ ધણી





અક્ષરાતીતને દુઃખ થી જ પ્રાપ્ત કરી શકાય છે.

**(૪) દુઃખોમાં જ પ્રિયતમનું અખંડ સુખ છુપાયેલું છે.**

**ઈન દુઃખ સે કોઈ જિન ડરો,**
**ઈન દુઃખ મેં પિયુકો સુખ ।**
**જો ચાહત હૈ સુખકો,**
**આખિર તિન મેં દુઃખ ॥**

**(કિરંતન ૧૭/૧૩)**

''સાથિયો ! આ સંસારનાં ક્ષણિક દુઃખોથી ક્યારેય પણ કોઈએ ડરવું જોઈએ નહીં. આ દુઃખો માં જ પ્રિયતમ ધણીનું અખંડ સુખ છુપાયેલું છે.(દુઃખ માંજ વિરહ-પ્રેમ ઉત્પન્ન થાય છે. જેથી ધણીનું સુખ પ્રાપ્ત થાય છે.) જે લોકો સંસારના વિષયો (શબ્દ, રસ, રૂપ, ગંધ, સ્પર્શ)નાં જ માત્ર સુખ ઈચ્છે છે તેમણે અંતે જન્મ-મરણ, જરા-વ્યાધિનાં દુઃખો ભોગવવાં જ પડે છે.

**(૫) જ્યારે દુઃખ પ્યારું લાગે છે ત્યારે માયાનું બળ નાશ પામે છે.**

**દુઃખ દશોં દ્વાર ભેદયા,**
**ઔર સુખ ભેદયો રોમ રોમ ।**
**યોં નખશિખ દુઃખ પ્યારો લાગે,**
**તો કહાકરે છલભોમ ॥**

**(કિરંતન ૧૭/૨૧)**

સાથિઓ ! આ દુઃખે મારા શરીરનાં દસે દ્વાર ભેદીને મારા રોમે રોમમાં પ્રવેશ કરી લીધો છે. એટલા માટે દુઃખનું મહત્વ સમજમાં આવવાથી, (દુખમાં પ્રિયતમનું સુખ મળવાથી) નખથી માથા



સુધી મને દુઃખ જ અતિ પ્યારું લાગવા લાગ્યું છે. આવી વિરહની પરિપક્વ (પાકટ) અવસ્થામાં ભલા સંસારનાં છલ-કપટ વિગેરે મારું બગાડી પણ શું શકે છે?

**(૬) દુઃખોની મિઠાસથી માયા સમાપ્ત થાય છે.**

**બારીક બાતેં દુઃખ કી,**
**જો કદી લગે મિઠાસ।**
**તો તૂટ જાત એ સુખ,**
**હોત માયા કો નાશ॥**

**(કિરંતન ૧૭/૨૩)**


"દુઃખની વાતો (મહત્ત્વ) ખૂબ જ ગહન છે. જો આપણને આ દુઃખોથી પ્રાપ્ત થતી મિઠાસનો (પ્રિયતમનાં સુખ) એકવાર અનુભવ થઈ જાય તો સંસારનાં ક્ષણિક સુખ પ્રાપ્ત કરવાની ઈચ્છા અને માયા(આશા-તૃષ્ણા)હૃદયમાંથી આપમેળે સમાપ્ત થઈ જશે."

**(૭) પ્રિયતમની વિશેષ કૃપા (અનુકંપા)થી દુઃખોની પ્રાપ્તિ થાય છે.**

**મૈં તો ચાહ્યા સુખો કો,**
**પર ધની કી મુઝ પર મહેર।**
**તાથેં દુઃખ ફેરફેર લિયા,**
**અબ સુખ લગત હૈ જહેર॥**

**(કિરંતન ૧૭/૨૯)**

"હું તો પહેલાં એવું ઈચ્છતી હતી કે સંસારમાં દરેક પ્રકારે સુખી રહું. પરંતુ ધામધણીએ મારા ઉપર વિશેષ કૃપા કરી દીધી. જેથી મને





વારંવાર દુઃખ પ્રાપ્ત થયું. આ દુઃખોના સમયે ધણીના વિરહ તથા પ્રેમનું સુખ પ્રાપ્ત થવાથી હવે મને સંસારનાં ક્ષણિક સુખો ઝેર સમાન લાગવા માંડ્યા છે. કારણ કે સુખમાં ધણીનો વિરહ-પ્રેમ મારાથી દૂર ચાલ્યો જાય છે."

**(૮) જ્યારે પ્રિયતમ રિઝે છે ત્યારે દુઃખ મળે છે.**

**જો સાહેબ સનકૂલ હોવ હીં,**
**તો દુઃખ આવે તીન।**
**ઈન દુનિયા મેં ચાહકર,**
**દુઃખના લિયા કિન॥**

**(કિરંતન ૧૭/૩૦)**

"વાસ્તવમાં પ્રિયતમ ધામધણી જે આત્માઓ પર પ્રસન્ન થાય છે તેમને જ આ માયા દુઃખ પ્રાપ્ત થાય છે. નહીંતર આ સંસારમાં પોતાની મરજીથી કોઈએ દુઃખ લીધું નથી."

મધર ટેરેસા એ આ સંદર્ભમાં જે કહ્યું છે તે તારતમ વાણીને અનુકૂળ છે. "દુઃખના જંગલમાંથી મુક્ત થવાનો એકમાત્ર ઉપાય છે ક્ષમા. દુઃખ તો પરમાત્માનું આત્માને કરેલું ચુંબન છે. આનાથી વધારે અધિક શું હોઈ શકે.?"

**(૯) દુઃખને પ્રેમ કરવાવાળી કોઈ એક વિરલ આત્મા હોય છે.**

**જાકો સ્વાદ લાગ્યો કછુ દુઃખકો,**
**સો સુખ કબૂં ન ચાહે।**
**વાકો સો દુઃખ ફેરફેર,**
**હિરદે ચઢ ચઢ આયે॥**

**(કિરંતન ૧૭/૩૩)**



જેને દુઃખનો સાચો સ્વાદ લાગે છે (દુઃખમાં પ્રિયતમનાા સુખનો અનુભવ થાય છે) તે ક્યારેય પણ માયાનાં સુખ નથી ઈચ્છતા. દુઃખ વિરહથી પ્રાપ્ત થતાં સુખ તેને દિલમાં વારંવાર યાદ આવે છે. આવી તેની ઈચ્છા ક્ષણે ક્ષણે રહે છે.

**(૧૦) દુઃખ જ બ્રહ્માત્માઓની શોભા-શૃંગાર અને સજાવટ છે.**

**દુઃખ શોભા દુઃખ સિનગાર,**
**દુઃખ હી કો સબ સાજ।**
**દુઃખ લે જાએ ધની પેં,**
**ઈત સુખ તેં હોત અકાજ ॥**

**(કિરંતન ૧૭/૧૭)**

"સાથિઓ ! એ વાતને સમજી લોકે દુઃખ એક મહત્ત્વપૂર્ણ ભેટ છે. દુઃખ જ બ્રહ્માત્માઓની શોભા, શૃંગાર અને સજાવટ છે. આ દુઃખ જ ધામધણી સુધી પહોંચાડે છે. માયાના ક્ષણિક સુખોમાં ફસાયેલા રહેવાથી આત્મિક સુખ પ્રાપ્ત થતું નથી., અને તેનાથી ખૂબ જ અનર્થ થઈ જાય છે. (જન્મ-મરણ, જરા-વ્યાધિના દુઃખોમાં ફસાઈ જાય છે.)

**(૧૧) પ્રિયતમ પરમાત્માનું ધણી પણું તો જુઓ !**

**પ્રિયતમ મેરે પ્રાણ કે,**
**અંગના આતમ નૂર ।**
**મન કલપે ખેલ ખેલતે,**
**સોએ દુઃખ કરું સબ દૂર ॥**

**(કલશ હિ.૨૩/૧૭)**

"હે સાથજી ! તમે મારા પ્રાણના પ્રિયતમ



છો, અને મારા નૂરી દિવ્યતનના અંગરૂપી આત્મા (અંગના) પણ છો. સંસારનો ખેલ જોઈને તમારાં મન, જે દુઃખ અનુભવી રહ્યાં છે તે બધાં દુઃખોને હવે દૂર કરીશ."

**મુખ કરમાને મનકે,**
**સો તુમારે મૈં ના સહૂં ।**
**એ દુઃખ સુખ કો સ્વાદ દેસી,**
**તો ભી દુઃખ મૈં ના દેઊં ॥**

**(કલશ હિ.૨૩/૧૮)**

"હે આત્મ-સાથિયોં ! હું તમારાં વિલાયેલાં મુખ અને ઉદાસિન મન જોઈ શકતો નથી. તમે એ નિશ્ચિત પણે જાણી લો કે દુઃખનો આ અનુભવ અંતે તો તમને અખંડ આનંદ અપાવશે આ નશ્વર ભૂમિનાં દુઃખોની અનુભૂતિ તમને સત્ય, અખંડ પરમધામનાં સુખોનો અંતે અનુભવ કરાવશે. નિજસ્વરૂપમાં જાગી ગયા બાદ (આત્મ સ્વરૂપ પામ્યાબાદ) આ બધી વાતો તમને ખૂબ જ આનંદદાયક લાગશે, છતાં હું તમને બિનજરૂરી દુઃખ આપવા માંગતો નથી."

**અબ દુઃખ આવે તુમકો,**
**તહાં આડા દેઉં મેરા અંગ ।**
**સુખ દેઉં ભલી ભાંત સોં,**
**જ્યોં હોએન બીચ મેં ભંગ ॥**

**(કલશ હિં.૨૩/૩૯)**

"સાથિઓ ! હવે જ્યારે પણ તમારા ઉપર કોઈ દુઃખ આવશે ત્યારે હું તમારું દુઃખ મારે શિરે લઈ લઈશ જેથી તમને ખૂબ જ સાહજિકતાથી અને

સહેલાઈથી અખંડ સુખ પ્રાપ્ત થઈ શકે.''

**(૧૨) પ્રિયતમ પ્રાણનાથ પોતાના અખંડ ઘરની જવાબદારી નિભાવી રહ્યા છે.**

**હમ ઉપાયા સુખ કારને,**
**એ જો માગ્યા ખેલ તુમ ।**
**દુઃખ દે વતન બોલાવહીં,**
**એ ઈન ઘર નહીં રસમ ॥**

**(કલશ હિં.૨૩/૨૦)**

''આ ખેલ તો મૈં તમને તમારા માંગવાથી જ તમારા સુખ માટે કહ્યો છે. નહીંતર તમોને દુઃખ આપીને તમારા મૂલ વતનમાં પાછા બોલવવાની અમારા ઘરની રીતભાત નથી.''

**(૧૩) આ દુઃખરૂપીભૂમિ સત્ય સુખની (અખંડસુખ) ભૂમિમાં પરિણમશે.- શ્રી પ્રાણનાથજીનું વચન છે.**

**પિઉ જગાઈ મુઝે એકલી,**
**મૈં જગાઉ બાંધે જુથ ।**
**એ જિમી જુઠી દુઃખ કી,**
**સો કર દેઉં સત સુખ ॥**

**(કલશ હિ.૨૩/૪૪)**

''મહામતિ (ઈન્દ્રાવતી) શ્રી પ્રાણનાથ પિયુએ મને એકલાને જગાવ્યો હવે હું ઘણા બધા આત્માઓના સમૂહોને નિજ પરમધામની મૂળ વાતો સંભળાવી, પચ્ચીસ પક્ષોની શોભા દર્શાવીને અને ત્યાંના અખંડ સુખોની લિજ્જત કરાવી જગાડીશ. આવું કરીને આ દુઃખરૂપી ભૂમિને સત્યભૂમિમાં પરિવર્તિત કરી દઈશ. જ્યારે હું બધા સુંદરસાથને





મારી જેમ જાગૃત કરી દઈશ ત્યારે હકીકતમાં હું જાગૃત કહેવડાવીશ.

**(૧૬) સંસારમાં બેઠાં બેઠાં પરમધામના સુખોનો અનુભવ કરો.**

**અબ લ્યો રે મેરે સાથજી,**
**ઈન જિમી એ સુખ ।**
**મૈં તુમારે ના સેહે સકોં,**
**જો દેખે તુમ દુઃખ ॥**

**(કલશ હિ.૨૩/૩૨)**

''સાથજી ! હવે તમે આ નશ્વર સંસારમાં બેસીને પરમધામ ના તે અખંડ સુખોનો અનુભવ કરો. તમે અહીં માયામાં જે દુઃખો જોયાં છે તે હવે મારાથી સહન થતાં નથી. હવે હું તમને આ મોહસાગરની લહેરોથી (માયાનાં દુઃખોથી) બચાવીને તમારા દરેક પ્રકારના માયાના રોગો અને વિકારોને મિટાવી દઈશ. તમને પૂર્ણ ઓળખ કરાવીને તમારા હૃદયમાં અખંડ પ્રેમના વિવિધ રસ વહેવડાવીશ. પછી તમને બધાંને સુખપૂર્વક જ્ઞાન(ઈલ્મ), પ્રેમ(ઈશ્ક) અને ઈમાન (સચ્ચાઈ) થી સજાયેલ દિવ્ય આત્મિક સંબંધો (નિસ્બત) ના દિવ્ય (તેજસ્વી) સુખપાલ (અલૌકિક વિમાન)માં બેસાડીને ચોક્કસ મારા ઘર(પરમધામ)માં લઈ જઈશ.''



## :: દુઃખ દૂર કરવાના ઉપાયો ::

સાથિઓ ! પરિવર્તનશીલ જગતમાં દુઃખોને નિત્ય સુખો (અખંડ સુખો) માં બદલવાનો એક જ ઉપાય છે - પ્રિયતમ પ્રાણનાથ પર અનન્ય શ્રધ્ધા (ઈમાન). પોતાના દૈનિક જીવનમાં શ્રધ્ધાનું સાચું સ્વરૂપ પ્રગટ થાય તે માટે નીચેના ઉપાયો કરતા રહેવાનો યથા યોગ્ય પ્રયત્ન કરતા રહેવું જોઈએ.

(૧) નિજ સ્વરૂપ, પોતાના અસ્તિત્વના મૂલ સ્ત્રોત સચ્ચિદાનંદ પરબ્રહ્મ અને દિવ્ય ધામ(પરમધામ)ની લીલાઓના સુખોની ઓળખ અને તેનું ધ્યાન.

(૨) વિચારોમાં કૃતજ્ઞતા, નમ્રતા, સાદગી, સંયમ, સંતોષ, ધૈર્ય, ત્યાગ, અહિંસા અને કરુણાનો ભાવ હંમેશાં રાખવો.

(૩) પોતાની કથની (બોલચાલ)સત્ય આધારિત હોય, અપમાન જનક અને કર્કશ ભાષા ન હોય, ખાલી ગપ્પાં ન હોય.

(૪) રહેણી(કર્મ), ચારિત્ર્ય, આત્મનિયંત્રિત હોય, મન, વચન, કર્મથી જીવહિંસા, ચોરી, અપ્રમાણિક જાતીય સંબંધ ન હોય, બીજાના અધિકારો પ્રત્યે સજાગ રહીને કર્મ કરવાં.

(૫) જીવનના વ્યવસાયોમાં ઘાતક શસ્ત્રો, પ્રાણી હત્યા, ગુલામપ્રથા, નશાકારક પદાર્થો અને ઝેરીલા પદાર્થોના વેપારમાં ભાગીદારી ન હોય.

(૬) જ્ઞાનનો પ્રકાશ તેનો અમલ કરવાથી જ થાય છે. આથી કર્મના બંધનથી મુક્ત કરે તથા અંતઃકરણ નો વિકાસ કરે તેવાં સેવાકીય કાર્યો કરતાં રહીએ. જીવનની જે તે અવસ્થાએ વિકાસ પ્રેરક અને ઉન્નતી કારક કાર્યો કરતા રહીએ.

(૭) વિચાર, વાણી અને વ્યવહારમાં એકરૂપતા રહે તેવી સમ્યક જાગૃતિ હોય. શરીર, સંવેદના, અંતઃકરણ અને મનના વિષયો પ્રત્યે સદા જાગૃતિ હોય.

(૮) આપણું ધ્યાન સદાય સત્ય, ચેતન અને આનંદમાં(સચ્ચિદાનંદ)માં કેન્દ્રિત હોય જેથી અંતઃકરણ અસત્ય, જડ અને દુઃખદાયક વિષયોથી વિચલિત(વ્યથિત) ન થાય.



## :: આટલું અવશ્ય યાદ રાખીએ ::

- સંસાર દુઃખદાયક છે પરંતુ તારતમ જ્ઞાનના પ્રકાશમાં આપણે પોતાનાં આત્મચક્ષુ ખોલીને દુઃખમાં પણ અખંડ સુખ લઈ શકીએ. પસંદગી આપણે કરવાની છે.
- આત્મ-વિસ્મતિ જ દુઃખનું સૌથી મોટું કારણ છે. આત્મ-જાગણી (સ્વની ઓળખ) જ દુઃખ નિવારણનો એક માત્ર ઉપાય છે.
- દુઃખની આશા-તૃષ્ણામાં લાગેલા રહેશો તો દુઃખ ચોક્કસ તમને હેરાન કરશે. આત્માના નિજ સુખને યાદ (સ્મરણ-ધ્યાન) કરતા રહેશો તો દુઃખ તમારાથી દૂર ભાગી જશે.
- પ્રિયતમની મહેર (કૃપા) ને જાણવાવાળી આત્મા દુઃખમાં પણ અખંડ સુખ લેતી રહે છે.
- જે દુઃખથી પ્રિયતમ ને પ્રાપ્ત કરવાનો અવસર પ્રાપ્ત થાય છે. તે દુઃખને ખુશી ખુશીથી આમંત્રણ આપો.
- પ્રિયતમ ધણીનાં વચનો પર અતૂટ શ્રધ્ધા તથા અમલથી જ દુઃખનું સુખમાં પરિવર્તન થશે.
- જ્ઞાન-વિવેક પ્રાપ્ત થતાં આત્મા દુઃખને સુખમાં પરિવર્તિત કરી દે છે. પ્રિયતમ પરબ્રહ્મના વિરહમાં તડપે છે, પ્રેમસેવા ચિતવનમાં મગ્ન રહે છે. પ્રિયતમના દિલના ઈશ્કના મહાસાગરમાં ડૂબી જાય છે અને તેમના મિલનનું સુખ પ્રાપ્ત કરે છે.
- વિવેકનો અભાવ હોય ત્યારે દુઃખની પરિસ્થિતિમાં પણ સુખની અપેક્ષા રહે છે. જ્ઞાન થયા પછી પણ દુઃખના અભાવમાં વિવેક પ્રાપ્ત થતો નથી. વિવેક માટે જ્ઞાનની સાથે સાથે દુઃખની પણ જરૂર છે.
- હૃદયમાં વિરહ પ્રગટ થઈ જતાં આત્માને ધણીની જુદાઈનું એટલું બધું દુઃખ થાય છે કે તેને એક ક્ષણપણ અનેક યુગો જેટલી લાંબી લાગે છે.
- પ્રિયતમના આવેશથી અલગ થવાથી આત્મા દુઃખનો અનુભવ કરે છે. જેવી રીતે એક પતિ પોતાની પત્નીનાં બધાં દુઃખો દૂર કરે છે. તેવી રીતે દુઃખરૂપી માયાથી સર્વસમર્થ(સામર્થ્યવાન) પ્રિયતમ પરમાત્મા આપણને બચાવી લે છે. આપણે ફક્ત તેમની સાથે સંબંધ નિભાવવાનો છે.

**॥ મંગલ કામના સહ - સપ્રેમ પ્રણામ ॥**